**રે. દિ.મુ. નંબર :- ૩૧૧/૨૦૦૮**

**-::આંક ૧ લગત હુકમ::-**

**આજરોજ પોકાર કરતા વાદી કે વાદીના વિ.વ.શ્રી હાજર નથી. હાલના દાવાના કામે લાંબા સમય થી વાદી ના પૂરાવા રજુ કરવા પર મુલત્વી રહેલ છે. હાલ ના કામે કોર્ટ દ્વારા વાદી તરફે વાદીના પૂરાવા રજુ કરવા માટે અનેક વાદી કે વાદીના વિ.વ.શ્રી હાજર ન રહેવા છતા ન્યાય નુ હિત જળવાય તથા વાદીને પૂરાવો રજુ કરવા માટે યોગ્ય અને પૂરતી તક મળી રહે તે હેતુસર ઘણી મુદતો આપવામા આવેલ છે. તા. ૨૭/૧૨/૨૦૧૬ ના રોજ મુદ્દા ઘડવામા આવેલ છે ત્યારથી હાલના દાવા નુ કામ વાદી દ્વારા પૂરાવા રજુ કરવા માટે રાખવામા આવેલ છે. ત્યાર બાદ આજદિન સુધીની એક પણ મુદતમા વાદી કે વાદીના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે પૂરાવા રજુ કરવા માટે મુદત સુધ્ધા માંગવામા આવેલ નથી. જે તમામ હકીકતો તથા રેકર્ડ ધ્યાને લેતા હાલ નો કેસ આઠ વર્ષથી વધુ જુનો હોઇ તથા હાલના કામે વાદીને પૂરાવા રજુ કરવા માટે જરુરી યોગ્ય અને પૂરતી તક આપવામા આવેલ છે તેમ છતા વાદી દ્વારા પૂરાવો રજુ કરવામા આવેલ નથી.**

**જે તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા વાદીને હાલનુ કામ ચલાવવામા વાદીને કોઇ રસ જણાતો ન હોઇ હાલનો દાવો વાદીની ભુલ ના કારણે રદ્દ કરવાનો હુકમ કરવામા આવે છે.**

**તા. ૨૧/૦૩/૨૦૧૭**
**કલોલ**

**એમ બી. પુરોહિત**
**સાતમા એડી. સી. જે. & જે.એમ .એફ.સી**
**કલોલ**



M.B. Purohit
7th A.C.J & J.M.F.C., Kalol

m